**ફો.પ.અ.નં. ૧૬૮/૨૦૨૨**

## -: આંક-૧ તળે હુકમ :-

(૧) અરજદાર-રાંભિયા રમીલાબેન લક્ષ્મીચંદ, મુળ રહે.નાના ભાડીયા, તા.માંડવી-કચ્છ, હાલ રહે.ગામ-બારોઈ, તા.માંડવી-કચ્છ, હાલ રહે.મુંબઈવાળાએ તેમના કાકાના અવસાનની મોડી નોંધણી માટે જન્મ અને મરણ અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના કાકા નામે ''શાહ વેલજી લાલજી''નું અવસાન તા.૧૧-૦૬-૧૯૭૫ ના રોજ ગામ-ભીંસરા, તા.માંડવી-કચ્છ ખાતે થયેલ છે, પરંતુ તેઓના મરણની નોંધ તેમની શરતચુક અને કાયદાકીય અજ્ઞાનતાના કારણે જન્મ-મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે, તેથી અરજીમાં જણાવેલ વિગતવાર કારણોસર હાલની અરજી કરવાનું કારણ ઉભું થયેલ છે.

(૨) સામાવાળાને નોટીસની બજવણી થતા, તેઓ કોર્ટ સમક્ષ હાજર થઈ તલાટી સહમંત્રીશ્રી, બાડા-ભીંસરા ગ્રામ પંચાયત, તા.માંડવી-કચ્છ નાઓએ આંક-૭ થી સોગંદનામુ રજુ કરેલ છે, જેમાં અરજદારના કાકાના અવસાનની નોંધ તેમની કચેરીના મરણ રજીસ્ટરે થયેલ ન હોવાની હકીકતને સમર્થન કરવામાં આવેલ છે તેમજ મરણ રજીસ્ટરે નોંધાયેલ ન હોવા બાબતે અપ્રાપ્ય પ્રમાણપત્ર (ફોર્મ નં.૧૦) તેમના દ્વારા અરજદારને આપવામાં આવેલ, જે આંક-૧૫ થી રજુ થયેલ છે.

(૩) આ અરજી સામે વાંધા મંગાવતી નોટીસ કચ્છમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા સમાચાર પત્ર કચ્છ મિત્ર દૈનિક પેપરમાં જાહેર કરવામાં આવેલ છે તેની અસલ પ્રત તથા તેનું અસલ બીલ આંક–૧૬ તથા ૧૭ થી રજુ થયેલ છે. આ અરજી સામે વાંધા રજુ કરવા માટે નિયત સમય મર્યાદા પુર્ણ થવા છતાં આજ દિન સુધી આ અરજી સામે કોઈ વાંધા રજુ થયેલ નથી.

(૪) અરજદારે આંક–૧૩ થી અરજીની હકીકતોને સમર્થન કરતું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે. વધુમાં, અરજદારે તેમની અરજીના સમર્થનમાં આંક–૧૪ થી આધાર કાર્ડની નકલ, આંક–૧૩(એ) થી સાહેદ રાંભિયા અમૃતબેન કલ્યાણજી તથા આંક–૧૩(બી) થી સાહેદ ગઢવી જીવરાજ મુળજીના સોગંદનામા રજુ કરેલા છે. જે વંચાણે લેતા તેઓના પુરાવાથી અરજદારની અરજીની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. અરજદાર પક્ષ તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૧૮ ની કલોઝીંગ પુરશીષથી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૫) અરજદારની અરજી, સોગંદનામા તથા રજુ થયેલ દસ્તાવેજી આધારો અને મૌખિક પુરાવા વંચાણે લીધા. આ તમામ દસ્તાવેજોના આધારે એ હકીકત માનવાને કારણ રહે છે કે, અરજદારના કાકા નામે ''શાહ વેલજી લાલજી''નું અવસાન તા.૧૧–૦૬–૧૯૭૫ ના રોજ ગામ–ભીંસરા, તા.માંડવી–કચ્છ ખાતે થયેલ છે અને કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકથી તેઓના મરણની નોંધ જન્મ–મરણ રજીસ્ટરમાં થયેલ નથી, તેથી જન્મ અને મરણ અધિનિયમની કલમ–૧૩(૩) અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની હાલની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

આ કામના સામાવાળાને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ અરજદારના કાકાના મરણની નોંધ જન્મ–મરણ રજીસ્ટરમાં નીચે આપવામાં આવેલ વિગતો મુજબ કરી અરજદાર પાસેથી કાયદેસરની લેઈટ ફી વસુલ કરીને અરજદારને મરણનો દાખલો કાઢી આપવો.

| **સામાવાળાએ કરવાની નોંધની વિગતો :–** | | |
|---|---|---|
| **નોંધણી નામ** | **:–** | શાહ વેલજી લાલજી |
| **મરણ તારીખ** | **:–** | તા.૧૧–૦૬–૧૯૭૫ |
| **મરણ સ્થળ** | **:–** | ગામ–ભીંસરા, તા.માંડવી–કચ્છ |

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૫–૦૭–૨૦૨૩
**સ્થળ :** માંડવી

**(સ્વાતિ રાજબીર)**
એડીશ્નલ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંડવી–કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭